રાજ્યની સરકારી બાળ કલ્યાણ સંસ્થાઓ (Child Care Institutions-CCIs) માં એટેડેન્ટ આઉટસોર્સથી મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક:SJED/NIR/e-file/17/2025/3057/CHH-2 Section
સચિવાલય, ગાંધીનગર.
તા.As per E-sign.

વંચાણે લીધા:

(૧)નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરનો તારીખ વગરનો પત્ર ક્રમાંક: DSD/NEW/e-file/226/2025/0898/planning branch

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૦૭/૦૩/૨૦૨૬ ના પત્ર ક્રમાંક: DSD/0109/03/2026.

<u>પ્રસ્તાવના:</u>

ભારત સરકારની કેન્દ્ર પુરસ્કૃત યોજના "મિશન વાત્સલ્ય-૨૦૨૨"નું ગુજરાત રાજ્યમાં અમલીકરણ કરવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં હાલમાં કાર્યરત સરકારી બાળ કલ્યાણ સંસ્થાઓની કુલ સંખ્યા- ૪૪ છે. હાલમાં દરેક રાજ્યની સંસ્થાઓમાં કોઈ એટેન્ડન્ટની જોગવાઈ ન હોવાથી બાળકના સર્વાંગી વિકાસમાં અને બાળકોને ગુણવત્તાયુક્ત સંભાળ અને રક્ષણ પૂરું પાડવા માટે રાજ્યની દરેક સરકારી બાળ સંભાળ સંસ્થાઓ (ચિલ્ડ્રન હોમ, ઓબ્ઝર્વેશન હોમ, પ્લેસ ઓફ સેફ્ટી અને સ્પેશ્યલ હોમ) માં ચાર એટેન્ડન્ટની જરૂરિયાત જણાઈ રહેલ હોઈ, વંચાણે લીધેલા ક્રમાંક:(૧) પરના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ સરકારી સંસ્થાઓ બાળ કલ્યાણ સંસ્થાઓ (Child Care Institutions-CCIs) માં ૦૪ એટેડેન્ટ આઉટસોર્સ મંજૂર કરવાની નવી બાબત નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ તરીકે જોગવાઈ કરવા દરખાસ્ત કરેલ હતી. વંચાણે લીધેલા ક્રમાંક:(૨) પરના નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાધીનગરના પત્રથી સદરહુ નવી બાબતની અંદાજપત્ર ૨૦૨૬-૨૭ માં જોગવાઈ થતાં સદરહુ બાબતને વહીવટી મંજૂરી આપવા બાબતની દરખાસ્ત કરેલ હતી. ઉક્ત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાના અંતે રાજ્યની સરકારી બાળ કલ્યાણ સંસ્થાઓ (Child Care Institutions-CCIs) માં ૦૩ એટેડેન્ટ આઉટસોર્સથી મંજૂર કરવા માટે રૂ.૨.૯૯/-કરોડનો ખર્ચ કરવાની નીચે મુજબની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | એટેન્ડન્ટની સંખ્યા | કુલ સરકારી બાળ કલ્યાણ સંસ્થાઓની સંખ્યા | કુલ સરકારી બાળ કલ્યાણ સંસ્થાઓમાં એટેન્ડન્ટની અંદાજીત | ૦૧ એટેન્ડન્ટની માસિક અંદાજીત ખર્ચ | કુલ ૧૩૨ એટેન્ડન્ટનો ૦૬ મહિનાનો ખર્ચ | કુલ અંદાજીત રકમ (કરોડમાં) વાર્ષિક (૧૧ માસ) |
|---|---|---|---|---|---|---|
| ૧ | 3 | ૪૪ | ૧૩૨ | ૨૭,૨૨,૧૨૧.૧૬ | ૧,૬૨,૩૨,૭૨૬.૯૬ | ૨,૯૯,૪૩,૩૩૨.૭૬ |

<u>શરતો:</u>

1. પ્રસ્તુત બાબતનો ખર્ચ તા.૦૧.૦૪.૨૦૨૬ થી કરવાનો રહેશે.
2. લઘુતમ વેતન માટે નીચે મુજબ મહેનતાણા ચુકવવાના રહેશે.
   a. લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઈ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતનથી ઓછ હોય તેટલા મહેનતાણા આઉટસોર્સીંગ સ્ટાફને ચૂકવવાના રહેશે.
   b. નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ જરૂર જણાયે આઉટસોર્સથી સેવાઓ મેળવતા મેનપાવરના માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુકતની કચેરીના તા.૦૧/૦૪/૨૦૨૩ના પરિપત્રમાં દર્શાવેલ વિગતવાર ગણતરી પત્રકનો આધાર લેવાનો રહેશે. વધુમાં, લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.
3. આઉટસોર્સથી સેવા મંજૂરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેના થી વધુ સમય માટે આ સેવા નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પશ્ચાતવર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.
4. આઉટસોર્સથી સેવા લેવા અંગે મંજુરી મળ્યા બાદ GEM Portal પર માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની નિયત કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
5. આઉટસોર્સની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે. સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યારબાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
6. નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીએ ડ્રાઈવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા. ૧/૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.
7. નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીએ રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઈપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ , GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીની રહેશે. નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીએ આ અંગે એજન્સી ઉપર યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીની રહેશે.
8. માન્ય આઉટસોર્સ એજન્સી દ્વારા આઉટસોર્સ મેનપાવરને નિયત મહેનતાણું સમયસર ચુકવવામાં આવે તે અંગે સંબંધિત નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીએ યોગ્ય મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલાં લેવાની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીની રહેશે.
9. મહેનતાણાના દરો નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવીને નિયત કરવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેંનતાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.
10. આઉટસોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.
11. આઉટ સોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનું રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.
12. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખ

ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

4. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

15. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

16. આ સેવાઓ વખતો-વખત મેળવવાની થાય તો સેવાની મુદત લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થવાના ૨ (બે) માસ અગાઉ નાણા વિભાગને રજૂ કરી વધુ ૧૧ માસ માટે સેવા મેળવવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

| સદરની વિગત | અંદાજિત ખર્ચ |
|---|---|
| ૯૨:૨૨૩૫:૦૨:૧૦૨:૧૧<br>(SSW-૦૪ મિશન વાત્સલ્ય ૧૦૦% એડીશનલ સ્ટેટ બર્ડન) | પ્રસ્તુત હેડ મુજબ ૩૦ સંસ્થા*૩ અટેન્ડન્ટ*૧૧ માસ<br>રુ. ૨,૦૪,૧૫,૯૦૮.૭/- |
| ૯૬:૨૨૩૫:૦૨:૭૯૬:૨૭<br>(SSW-૦૪ મિશન વાત્સલ્ય ૧૦૦% એડીશનલ સ્ટેટ બર્ડન) | પ્રસ્તુત હેડ મુજબ ૧૪ સંસ્થા*૩ અટેન્ડન્ટ*૧૧ માસ<br>રૂ. ૯૫,૨૭,૪૨૪.૦૬/- |
| અંદાજિત કુલ વાર્ષિક રકમ | ૨,૯૯,૪૩,૩૩૨.૭૬ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રમેશ ગામેતી)
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી, નાણા વિભાગ(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી, છ/બજેટ/કોમ્પ્યુટર સેલ (વિભાગની વેબસાઈટમાં છ -૨ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની

વિનંતી સાથે)

- સિલેક્ટ ફાઈલ.